eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 342**
**Sep 20, 2013**

## નોર્થઝોન(કતારગામ) કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના મુજબ શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફતે તા.૧૨/૦૯/૨૦૧૩ ના ગુરુવારના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત : –

ટી. પી. સ્કીમ નં. ૨૫ (સીંગણપોર–ટુંકી) ના રે. સ. નં. ૭૧/પૈકી, ફા. પ્લોટ નં. ૭૦ થી નોંધાયેલ નવી શરત વાળી ખુલ્લી જગ્યામાં મિલ્કતદાર તરફથી બાંધકામ કરવાના ઈરાદે શરૂ કરેલ આશરે ૫૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં ચણતરની દિવાલ સહિતનું ગેરકાયદેસરનું સઘળુ બાંધકામ આજરોજ દુર કરવામાં આવેલ છે. તેમજ મિલકતદાર પાસેથી ડીમોલીશન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર પાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) હેઠળ આવેલ રહેણાંક વિસ્તારમાં મચ્છરની ઉત્પત્તિ કરતાં રહીશો સામે વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા કરવામાં આવેલ કામગીરી ની અખબારી યાદી :–

હાલમાં વરસાદે લીધેલા વિરામના સમયે મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબુમાં રહે તે મુજબ પરિણામલક્ષી કામગીરી હાથ ધરવા મે. કમિશ્નરશ્રી ના આદેશ ને અનુસરીને પશ્ચિમ ઝોન હેઠળના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા મચ્છરજન્ય પરિસ્થિતિ નું નિર્માણ કરતાં રહેણાંક વિસ્તારના રહેશોનાં ઘરોને મચ્છર મૂકત રાખવાના ...

વધુ માટે કલીક કરો >>>>>>

## બેટી બચાવો અભિયાન કાર્યક્રમ અંતર્ગત જનજાગૃતિ તથા સામાજીક સંસ્થાઓનાં સહકાર મેળવી આયોજન કરવા અંગે :–

બેટી બચાવો અભિયાન કાર્યક્રમ અંતર્ગત જનજાગૃતિ તથા સામાજીક સંસ્થાઓનાં સહકાર મેળવી આયોજન કરવા અંગે તા. ૧૬/૦૯/૨૦૧૩ નાં રોજ સવારે ૧૧–૦૦ કલાકે સુરત ડાયમંડ એસોસીએશનનાં કોન્ફરન્સ હોલ વરાછા ખાતે ડે. કમિશનર(હેલ્થ અને હોસ્પીટલ) નાં અધ્યક્ષતામાં મીટીંગ રાખવામાં આવેલ. જેમા સુરત ડાયમંડ એસોસીએશનના ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "કુપોષણ સુરત છોડો અભિયાન અંતર્ગત આંગણવાડી કેન્દ્રો ખાતે ૫૦,૦૦૦ નંગ નાનખટાઈ સુરત બેકર્સ એસોસિએશન ધ્વારા વિનામુલ્યે વિતરણ"



સુરત બેકર્સ એસોસિએશન તરફથી ૫૦,૦૦૦ નંગ નાનખટાઈ આંગણવાડી કેન્દ્રો ખાતે ૦ થી ૬ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રીમાતાઓને મળી ૫૦,૦૦૦ લાભાર્થીઓને આજરોજ તા.૧૭/૦૯/૨૦૧૩ ના રોજ સવારે ૮.૩૦ કલાકે અક્ષયપાત્ર સંસ્થા આઈમાતા ચોક પાસે વિતરણ કરવા અંગેનો કાર્યક્રમ ડે.કમિશ્નરશ્રી આર જે પટેલ (હેલ્થ એન્ડ હોસ્પિટલ), આરોગ્ય અધિકારીશ્રી ડો.હેમંતભાઈ દેસાઈ, નાયબ આરોગ્ય અધિકારી (વરછા ઝોન) ડો.મહેન્દ્ર પટેલ તથા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર કોમ્પલેક્ષ, ખુલ્લા પ્લોટો, ઈન્ડસ્ટ્રીઝ, બાંધકામો, પાસે કુલ રૂા.34,600/– જેટલો વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવ્યો:–

સાઉથ ઝોન(ઉધના)ના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ગત અઠવાડિયા દરમ્યાન નીચે મુજબના કોમ્પલેક્ષ, ખુલ્લા પ્લોટો, ઈન્ડસ્ટ્રીઝ, બાંધકામો, ચેક કરતાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના જોવા મળેલ હતી તેવા કોમ્પલેક્ષ, ખુલ્લા પ્લોટો, બાંધકામો, ઈન્ડસ્ટ્રીઝમાં જંતુનાશક દવાનો છંટકાવ કરાવી બ્રિડિંગનો નાશ કરાવવામાં આવેલ છે તેમજ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૪૧ મી નાટ્ય સ્પર્ધાનું સમાપન :–



સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રાથમિક સુવિધાઓ સહિત મનોરંજન પુરૂં પાડવાની નેમ સાથે સુરતની પ્રજાની આગવી તાસીર ટકાવવા, તેની ઉત્સવપ્રિયતા, રીતરિવાજ અને પ્રણાલિકાઓની જાળવણી કરી લોક સંસ્કૃતિનું જતન તેમજ સંવર્ધન કરવા ઉપરાંત કળા, સંગીત, નૃત્ય, નાટ્ય કલાકારો અને રમતવીરોને પ્રોત્સાહન આપી તેમનામાં છૂપાયેલી શકિત બહાર લાવવા વિવિધ કાર્યક્રમોના આયોજનો અને સ્પર્ધાઓ યોજવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન(કતારગામ) કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના મુજબ શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફતે તા.૧૨/૦૯/૨૦૧૩ ના ગુરુવારના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત : –

(૧) ટી. પી. સ્કીમ નં. ૨૫ (સીંગણપોર–ટુંકી) ના રે. સ. નં. ૭૧/પૈકી, ફા. પ્લોટ નં. ૭૦ થી નોંધાયેલ નવી શરત વાળી ખુલ્લી જગ્યામાં મિલ્કતદાર તરફથી બાંધકામ કરવાના ઈરાદે શરૂ કરેલ આશરે ૫૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં ચણતરની દિવાલ સહિતનું ગેરકાયદેસરનું સઘળુ બાંધકામ આજરોજ દુર કરવામાં આવેલ છે. તેમજ મિલકતદાર પાસેથી ડીમોલીશન વહીવટી ચાર્જ પેટે રૂા. ૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૨) ટી. પી. સ્કીમ નં. ૨૫ (સીંગણપોર–ટુંકી) ના ફા. પ્લોટ નં. ૫૪ થી નોંધાયેલ નવનાથ સોસાયટીના સબ પ્લોટ નં. ૮૩ થી ૮૬ માં મિલ્કતદાર તરફથી મંજુરી વિના આશરે ૨૫૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં બેઝમેન્ટના બાંધકામ અર્થે આર. સી. સી ફુટીંગ તેમજ કોલમ સહીતનું ગેરકાયદેસર શરૂ કરેલ બાંધકામ અન્વયે સ્થળ પર આર. સી. સી કોલમ નંગ–૨૨ સહિતનું ગેરકાયદેસરનું બાંધકામ આજરોજ દુર કરવામાં આવેલ છે. તેમજ સ્થળ પરથી લીખંડના સળિયા જમા લઈ મિલકતદાર પાસેથી ડીમોલીશન વહીવટી ચાર્જ પેટે રૂા. ૨૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૩) ટી. પી. સ્કીમ નં. ૩૫ (કતારગામ) ના ફા. પ્લોટ નં. ૨૬ થી નોંધાયેલ નવી શરત વાળી ખુલ્લી જગ્યામાં મિલ્કતદાર તરફથી બાંધકામ કરવાના ઈરાદે આશરે ૫૩૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી., કોલમ નંગ–૪૦ તથા ૨૩૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં ગ્રા.ફલોરના સ્લેબ માટે શરૂ કરેલ સેન્ટરીંગ / શટરીંગ સહિતનું ગેરકાયદેસરનું બાંધકામ દુર કરવામાં આવેલ. તેમજ મિલકતદાર પાસેથી ડીમોલીશન વહીવટી ચાર્જ પેટે કુલ રૂા. ૩૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગર પાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) હેઠળ આવેલ રહેણાંક વિસ્તારમાં મચ્છરની ઉત્પત્તિ કરતાં રહીશો સામે વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા કરવામાં આવેલ કામગીરી ની અખબારી યાદી :–

હાલમાં વરસાદે લીધેલા વિરામના સમયે મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબુમાં રહે તે મુજબ પરિણામલક્ષી કામગીરી હાથ ધરવા મે. કમિશ્નરશ્રી ના આદેશ ને અનુસરીને પશ્ચિમ ઝોન હેઠળના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા મચ્છરજન્ય પરિસ્થિતિ નું નિર્માણ કરતાં રહેણાંક વિસ્તારના રહેશોનાં ઘરોને મચ્છર મૂકત રાખવાના બોધ આપવાના અભિયાન ના ભાગરૂપે અડાજણ, પાલ, રાંદેર, જહાંગીરાબાદ, પાલનપુર જકાતનાકા સહિતના વિસ્તારમાં ઘરે ઘરે સર્વે કામગીરી કરતાં ૫૪૩૮ ઘરોમાં સર્વે દરમ્યાન ઘરમાં રાખવામાં આવેલ ડ્રમ, કેરબાં, ટાંકી, સહિત કુંડાની ટ્રે તથા ધાબાં ઉપર રાખેલ નકામા પડતર ભંગાર સામાનમાં ૩૯ સ્થળોએ મચ્છરના બ્રિડીંગ (પાણીપોરા) શોધી તેનો સ્થળ ઉપર નાશ કરવાની કામગરી હાથ ધરેલ છે. તેમજ રાંદેર રોડ ખાતે આવેલ પીનાક હોસ્પિટલ ની ટાંકી ખુલ્લી માલુમ પડતા તેઓને પણ નોટિશ પહોચાડવામાં આવેલ છે.

વધુમાં મચ્છરજન્ય પરિસ્થિતિનું નિર્માણ કરતાં ૩૩ રહીશોને ખામીઓ દુર કરવા આરોગ્ય રક્ષણ સંબંધી નોટિશ પહોંચાડવા ઉપરાંત ૧૨ રહેશો ધ્વારા અગાઉ આપેલ નોટિશનો અમલ નહિં કરતા તેઓની સામે મ્યુનિસીપલ કોર્ટમાં કેસ માંડવાની કડક કાર્યવાહી પણ હાથ ધરવામાં આવેલ છે.

**આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા લેવા જોગ કાળજી અંગે વિશેષ જાણકારી માટે તા. ૧૪/૦૯/૨૦૧૩ ના રોજ " પાલનપુર શહેરી આરોગ્ય કેન્દ્ર " સંત તુકારામ સોસાયટી વિભાગ – ૦૬, સામે પાલનપુર જકાતનાકા સામે, રાખેલ વિનામુલ્યે આરોગ્ય નિદાન સારવાર કેમ્પમાં રાખેલ પ્રદર્શનનો પણ અવશ્ય લાભ લે તેવો અનુરોધ કરવામાં આવે છે.**

### તમામ ઝોનની સફાઈ ઝુંબેશ

### તા. ૧૧–૦૯–૨૦૧૩ બુધવાર

| અ.નં. | વિગત | Total |
|---|---|---|
| અ | સફાઈ ઝુંબેશનો વિસ્તાર | |
| બ | કુલ ટીમની સંખ્યા | ૨૪ |
| ૧ | ડે. ઈજનેર | ૯ |
| ૨ | મુખ્ય આરોગ્ય નિરક્ષક | ૨૦ |
| ૩ | જુ.– આસી. ઈજનેર /સુપરવાઈઝર | ૧૬ |
| ૪ | ગુમાસ્તાધારા ઈન્સપેકટર | ૩ |
| ૫ | ટેકનીકલ આસી. | ૧૪ |
| ૬ | વાયરમેન | ૪ |
| ૭ | આરોગ્ય નિરીક્ષક / મ. આ. નિરીક્ષક | ૬૨ |
| ૮ | ડ્રેનેજ ઈન્સપેકટર | ૭ |
| ૯ | પ્રાયમરી હેલ્થ વર્કરો | ૬ |
| ૧૦ | કડીયો | ૨ |
| ૧૧ | સફાઈ કામદારો/બેલદારો | |
| ૧૧ અ | આરોગ્ય વિભાગ | ૬૩૯ |
| ૧૧ બ | લોકસેવા વિભાગ | ૮૫ |
| ૧૧ ક | ડ્રેનેજ વિભાગ | ૧૦ |
| ૧૨ | કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીગ મટીરીયલ, ડેબ્રીશનો નિકાલ કુલ મે. ટન | ૮૩ |
| ૧૩ અ | દબાણ દુર કર્યાની વિગત | ૦ |
| ૧૩ બ | લારી | ૮૦ |

| | | |
|---|---|---|
| ૧૩ ક | ગલ્લા | ૦ |
| ૧૩ ડ | અન્ય સામાન | ૦ |
| ૧૪ | ગુમાસ્તાધારા વિભાગ તરફથી ચેક થયેલ સંસ્થા | ૪૨ |
| ૧૫ અ | પ્રોફેશન ટેક્ષ અંતર્ગત કરેલ કામગીરી કરેલ સંસ્થા | ૭ |
| ૧૫ બ | વસુલ કરેલ ટેક્ષની રકમ રૂા. | ૧,૭૫,૬૦૦ |
| ૧૬ | ફુટપાથ રીપેર કરી કુલ ચો. મી. | ૧૮ |
| ૧૭ | વોટર ટેબલ રીપેર કર્યા ૧ રીપેર કર્યા / સ્ક્રેપીગ કરી સાફ કર્યા કુલ (રનીગ મીટર) | ૧૧ |
| ૧૮ અ | વરસાદી જાળીયા સાફ કર્યા નંગ | ૨૫ |
| ૧૮ બ | વરસાદી જાળીયા રીપેર કયા | ૦ |
| ૧૯ | લાઈટ વિભાગની કામગીરી | ૧૬ |

## વી. બી. ડી. સી. વિભાગની કામગીરી

| | | |
|---|---|---|
| ૨૦ | કુલ ઘર સર્વે | ૭,૩૪૧ |
| ૨૧ | બ્રીડીગ સ્પોટ ચેક કર્યા | ૨૦,૨૮૩ |
| ૨૨ | પોઝીટીવ બ્રીડીગ સ્પોટ | ૬૮ |
| ૨૩ | બ્રીડીગ નાશ કર્યી | ૬૬ |
| ૨૪ અ | એનો. | ૧૦ |
| ૨૪ બ | એડીસ | ૧૯ |
| ૨૪ ક | કયુલેકસ | ૦ |
| ૨૪ ડ | મિશ્ર | ૨ |
| ૨૫ | તાવનાં કેસમાં સ્લાઈડ લીધી | ૨૧૫ |
| ૨૬ | એફ. આર. ટી. આપી | ૧૪ |
| ૨૭ | ફોગીગ આયોજન | ૦ |
| ૨૮ | કુલ નોટીસ / ચેતવણી | ૧૬૨ |
| ૨૯ | વહીવટી ખર્ચ વસુલાત | ૬૪,૧૫૦ |
| ૩૦ | ઈસમોની સંખ્યા | ૧૫૮ |
| ૩૧ | પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કી. ગ્રા. | ૮.૫ |
| ૩૨ | અખાદ્ય પ્રદાથોનો નાશ કી. ગ્રા. | ૩૩.૫ |
| ૩૩ | આંગણવાડીઓ ચેક કરી | ૦ |
| ૩૪ | શાળાઓ / સરકારી મકાન ચેક કર્યા | ૦ |
| ૩૫ | કામગીરીમાં જોડાયેલ આગેવાનો; સ્વૈચ્છિક સંસ્થાઓ / શાળાઓની વિગત | ૦ |

## તમામ ઝોનમાં આવરી લીધેલ સફાઈ ઝુંબેશનો વિસ્તારઃ–

| | |
|---|---|
| સેન્ટ્રલ ઝોન | મ.ધ. હોસ્પીટલ ટાવરથી રાજમાર્ગ થઈ સીનેમા રોડ, ભાગળ ચાર રસ્તાથી ચોકબજાર ચાર રસ્તા, નવસારી બજાર સર્કલથી ઉધના દરવાજા, ડી.કે.એમ. ચાર રસ્તા થી ગધેવાન કન્ટેઈનર થઈ દક્ષીણીવાડ થી વાસફોડા પુલ સુધીનો મેઈન રોડ, ભાગળ ચાર રસ્તાથી એર ઈન્ડીયા થઈ વાડીફળીયા બસ સ્ટેન્ડ થઈ નવસારી બજાર મઠ સુધી |
| વરાછા ઝોન | નરસિંહ મંદિર ચાળ, ઉદેશીહ ભૈયાની વાડી ટાંકણી ફળીયા, મકતનગર, લંબેહનુમાન રોડ |
| રાંદેર ઝોન | સરીતા સાગર ઓવારો, રામજી ઓવારો, પાલ ઓવારો |
| કતારગામ ઝોન | સી કોમ્પલેક્ષ થી ભીખાભાઈ કોમ્પલેક્ષ સુધી, લાયબ્રેરી થી ફાયર સ્ટેશનનો પાછળનો રોડ થી મહેતા પ્રેટ્રોલ પંપ સુધી અને મહાદેવ ફળીયા ચોરાથી કાંસાનગર સ્ટાફ |

| | |
|---|---|
| | કવાટર્સ સુધી |
| ઉધના ઝોન | દિવ્યાનંદ, પરમાનંદ, આત્માનંદ , દેપણ ઈન્ડ્રસ્ટીયલ ટી. પી. રોડ, ઉધના |
| અઠવા ઝોન | એસ. વી. એન. આઈ. ટી. સર્કલથી ગોવીંદજી પાર્ક, ગોવીંદજી પાર્કથી હેલ્થ સેન્ટર, ઓવારાથી પાસપોર્ટ ઓફીસ, એસ. કે. પાર્ક થી પાસપોર્ટ ઓફીસ, શારદાયતન સ્કુલથી નિર્મળનગર |
| લીબાયત ઝોન | મહાપ્રભુનગર સોસાયટી રોડથી શાંતન કોમ્પલેક્ષ ચાર રસ્તા, દેવીદર્શન સોસા. થી નીલકંઠનગર સોસા., ઈડબલ્યુએસ કવાટર્સ, રેલ્વે ટ્રેક, ગોડાદરા બસ સ્ટેન્ડથી રાધેશ્યામ પાર્ક સોસા. રોડ, ગોડાદરા તળાવ પુરવઠા કચેરી પટેલ નગર સુધી, ગોડાદરા બસ સ્ટેન્ડથી ખાડી થઈ ધનશ્યામ નગર મેદાન સુધી. |

TOP

## બેટી બચાવો અભિયાન કાર્યક્રમ અંતર્ગત જનજાગૃતિ તથા સામાજીક સંસ્થાઓનાં સહકાર મેળવી આયોજન કરવા અંગે :–

બેટી બચાવો અભિયાન કાર્યક્રમ અંતર્ગત જનજાગૃતિ તથા સામાજીક સંસ્થાઓનાં સહકાર મેળવી આયોજન કરવા અંગે તા. ૧૬/૦૯/૨૦૧૩ નાં રોજ સવારે ૧૧–૦૦ કલાકે સુરત ડાયમંડ એસોસીએશનનાં કોન્ફરન્સ હોલ વરાછા ખાતે ડે. કમિશનર(હેલ્થ અને હોસ્પીટલ) નાં અધ્યક્ષતામાં મીટીંગ રાખવામાં આવેલ. જેમા સુરત ડાયમંડ એસોસીએશનનાં પ્રમુખ દિનેશભાઈ નાવડીયા, સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજનાં કાનજીભાઈ ભાલાળા તથા કાંતિભાઈ ભંડેરી, જય જવાન નાગરીક સમિતિનાં દેવચંદભાઈ કકડીયા, લોક સર્મપણ રકતદાન કેન્દ્રનાં ડો. સુભાષ ખેની, સહારા ચેરેટેબલ ટ્રસ્ટનાં ભીખુભાઈ ટીબલીયા, સુરત ડાયમંડ એસોસીએશનનાં મોહનભાઈ તથા ગણેશભાઈ ઘેવરીયા સહીત ૧૮ જેટલા સ્વૈચ્છિક સંસ્થાનાં પ્રતિનિધિઓ હાજર રહયા હતા. ફેમીલી પ્લાનીંગ મેડીકલ ઓફીસર ડો. અરૂણાબેન પટેલ ધ્વારા બેટી બચાવો કાર્યક્રમ અતર્ગત પ્રેઝેન્ટેશન કરી હાલનો સ્ત્રી જન્મદર ઓછો હોવા અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી. આરોગ્ય અધિકારી ડો. હેમંતભાઈ દેસાઈ ધ્વારા સુરત મહાનગરપાલિકા તરફથી બેટી બચાવો કાર્યક્રમ અતર્ગત કરવાામાં આવેલ કામગીરી તથા આગામી આયોજન બાબતની વિસ્તૃત માહિતી આપવામાં આવી. ડે. કમિશ્નર (હેલ્થ અને હોસ્પીટલ) શ્રી આર. જે. પટેલ ધ્વારા સામાજીક સંસ્થાઓનાં પ્રતિનિધિઓને બેટી બચાવો કાર્યક્રમ અતર્ગત સહકાર આપવા તથા તેઓ ધ્વારા કરવા જોગ લોકભાગીદારી બાબતે જાણકારી આપી અપીલ કરવામાં આવી તેમજ ધાર્મિક સંગઠનોનો પણ સહકાર મેળવી જનજાગૃતિ લાવવા જણાવવામાં આવ્યું. સામાજીક સંસ્થાઓ તરફથી દિકરીના જન્મે પ્રોત્સાહિત કરવા, ભૃણનું જાતિ પરીક્ષણ ન કરાવવા બાબતે જનજાગૃતિ લાવવા તથા તમામ સામાજીક અને ધાર્મિક કાર્યક્રમો દરમ્યાન બેટી બચાવો કાર્યક્રમ અંગેની જનજાગૃતિ આવરી લેવામાં આવશે એમ જણાવવામાં આવ્યુ તથા સુરત મહાનગરપાલિકા તરફથી કરવામાં આવનાર તમામ જનજાગૃતિ કાર્યક્રમોમાં સહકાર આપવામાં આવી. અંતમાં નાયબ આરોગ્ય અધિકારી ડો. મહેન્દ્ર પટેલ ધ્વારા આભારવિધી વ્યકત કરી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.

TOP

## "કુપોષણ સુરત છોડો અભિયાન અંતર્ગત આંગણવાડી કેન્દ્રો ખાતે ૫૦,૦૦૦ નંગ નાનખટાઈ સુરત બેકર્સ એસોસિએશન ધ્વારા વિનામુલ્યે વિતરણ"



સુરત બેકર્સ એસોસિએશન તરફથી ૫૦,૦૦૦ નંગ નાનખટાઈ આંગણવાડી કેન્દ્રો ખાતે ૦ થી ૬ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રીમાતાઓને મળી ૫૦,૦૦૦ લાભાર્થીઓને આજરોજ  તા.૧૭/૦૯/૨૦૧૩ ના રોજ સવારે ૮.૩૦ કલાકે અક્ષયપાત્ર સંસ્થા આઈમાતા ચોક પાસે વિતરણ કરવા અંગેનો કાર્યક્રમ ડે.કમિશનરશ્રી આર જે પટેલ (હેલ્થ એન્ડ હોસ્પિટલ), આરોગ્ય અધિકારીશ્રી ડો.હેમંતભાઈ દેસાઈ, નાયબ આરોગ્ય અધિકારી (વરછા ઝોન) ડો.મહેન્દ્ર પટેલ તથા સુરત બેકર્સ એસોસીએશનના પ્રતિનિધીઓની હાજરીમાં કરવામા આવેલ.

સમારંભનો આરંભ આઈ.સી.ડી.એસ ના મેડીકલ ઓફીસર ધ્વારા સૌનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ આરોગ્ય અધિકારીશ્રી ડો. હેમંતભાઈ દેસાઈએ જણાવ્યું કે, કુપોષણ છોડો સુરત અભિયાન અંતર્ગત સુરત મહાનગરપાલિકા તથા સુરત શહેરના વિવિધ એસોસીએશનો મારફતે સુરત શહેરની આંગણવાડીમાં લાભ લેતાં બાળકો, સગર્ભા તથા ધાત્રી માતાઓને સફરજન, નાસપતી અને કોપરાપાક, ડ્રાયફ્રુટ અને દૂધ  આપી લોકભાગીદારીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરુ પાડયું છે. તેમણે જણાવ્યું કે, કુપોષણ એક સામાજીક સમસ્યા હોય તેના નિવારણ માટે સરકારશ્રીના પ્રયાસોની સાથોસાથ સમાજના વિવિધ આગેવાનો એસોસીએશનો, મંડળોના સહયોગ મળે તો ચોકકસ પણે સુરત શહેરમાંથી કુપોષણને નાબુદ કરી શકીશું.  આ પ્રસંગને અનુરૂપ પ્રવચનમાં ડે.કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) આર જે. પટેલ ધ્વારા જણાવવામાં આવ્યુ કે, શ્રાવણ માસ દરમ્યાન આરંભ કરેલં કુપોષણ નિવારણ ઝુંબેશ શહેરના વિવિધ એસોસીએશન મારફતે ફળ,દૂધ વગેરે દાનમાં મેળવી સુરત શહેરમાથી કુપોષણ દૂર કરવા અનોખો અભિગમ સુરત મહાનગરપાલિકાએ કંડારેલ છે. આજરોજ માન.મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે સમાજ સેવાના કાર્યરૂપે આંગણવાડીના બાળકોને ૫૦,૦૦૦ નંગ નાનખટાઈ સુરત બેકર્સ એસોસિએશન તરફથી મળેલ છે. જેનો સહ્રદય સુરત મહાનગરપાલિકા સ્વીકાર કરે છે. કુપોષણ નિવારણનો આ યજ્ઞ અવિરતપણે કાર્યરત રહે તે માટે શહેરના વિવિધ એસોસિએશનનો સહયોગ મળી રહે તે માટે જાહેર જનતા સમક્ષ અપીલ કરેલ. સ્વચ્છ અને સુંદર કુપોષણ મુકત સુરત બને તે માટેના તમામ પ્રયાસો સુરત મહાનગરપાલિકા કરવા કટિબધ્ધ છે. આ પ્રસંગે હાજર મીડિયાના પ્રતિનિધિઓને જણાવ્યું કે ઝુંબેશનો વધુમા વધુ પ્રચાર કરી સેવાના આ કાર્યમા સહભાગી થશો. તેમણે જણાવ્યું કે એસોસિએશનનો દ્વારા આ પ્રકારની દાનની કાર્યવાહી પરથી સમગ્ર રાજય રાષ્ટ્ર પ્રેરણા લેશે.

આ પ્રસંગે ત્યા ઉપસ્થિત મહાનુભવો ધ્વારા બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓને નાનખટાઈનું વિતરણ કરવામાં આવ્યું હતુ તથા ૧૦૦૪ આગંણવાડી કેન્દ્રો પર ૫૦,૦૦૦ નંગ નાનખટાઈ વિતરણ કરવા ૧૧ વાહનોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવેલ.

અંતે આઈ.સી.ડી.એસ. વિભાગના મેડીકલ ઓફીસર ડો.એચ કે સોંધરવા ધ્વારા ઉપસ્થિત મહેમોનો તથા આયોજનમાં મદદ કરનાર સૌ કોઈને આભાર માન્યો હતો.

TOP

## સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર કોમ્પલેક્ષ, ખુલ્લા પ્લોટો, ઈન્ડસ્ટ્રીઝ, બાંધકામો, પાસે કુલ રૂા.34,600/– જેટલો વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવ્યોઃ–

સાઉથ ઝોન(ઉધના)ના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ગત અઠવાડિયા દરમ્યાન નીચે મુજબના કોમ્પલેક્ષ, ખુલ્લા પ્લોટો, ઈન્ડસ્ટ્રીઝ, બાંધકામો, ચેક કરતાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના જોવા મળેલ હતી તેવા કોમ્પલેક્ષ, ખુલ્લા પ્લોટો, બાંધકામો, ઈન્ડસ્ટ્રીઝમાં જંતુનાશક દવાનો છંટકાવ કરાવી બ્રિડિંગનો નાશ કરાવવામાં આવેલ છે તેમજ નીચે મુજબ કુલ રૂા.34,600/– જેટલો વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવેલ છે.

**કોમ્પલેક્ષઃ–**

૧) વાસુદેવ કોમ્પલેક્ષ, રોડ . ૦, ઉધનાઃ– 10,000/–

**ખુલ્લા પ્લોટઃ–**

૧) વૈભવનગર ઈન્ડ.નો ખુલ્લો પ્લોટ, સુડાની સામે ભેસ્તાનઃ–2,500/–

**ઈન્ડસ્ટ્રીઝઃ–**

૧) અનિશા સિલ્ક મિલ્સ નયમહ પાંડેસરાઃ– 3,000 /–

૨) ક્રિષ્ણા ડાઈંગ એન્ડ પ્રિન્ટ નયમહ પાંડેસરાઃ– 2,100 /–

**બાંધકામઃ–**

૧) બિલીમોરીઆ કન્સ્ટ્રકશન, ઉધના દરવાજા ઉધનાઃ– 5,000 /–

૨) મધુભાઈ રોડ નં.૦૨નું બાંધકામ, ઉધના :– 5,000 /–

૩) હલીમા રેસીડેન્સી, ઉનઃ– 3,000 /–

૪) ગેલેક્ષી હેરીટેજ, સમિતિ હોટલની સામે, સુરત નવસારી મેઈન રોડ, ઉનઃ– 1,000 /–

૫) નવાબ રેસીડેન્સી, તિરૂપતિનગર–એ ઉનઃ– 1,000 /–

૬)કુણાલ નવનીતભાઈ ખરવર, પ્લોટ નં.એ–૩૫/૩૬, સાંઈ સમર્પણ સોસા., પાંડેસરાઃ– 1,000 /–

૭) નન્હેલાલ રાજારામ ચૌરસીયા, પ્લોટ નં.૬૦૮, આવિર્ભાવ સોસા–૧, પાંડેસરાઃ– 1,000 /–

TOP

## ૪૧ મી નાટ્ય સ્પર્ધાનું સમાપન :–





સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રાથમિક સુવિધાઓ સહિત મનોરંજન પુરૂં પાડવાની નેમ સાથે સુરતની પ્રજાની આગવી તાસીર ટકાવવા, તેની ઉત્સવપ્રિયતા, રીતરિવાજ અને પ્રણાલિકાઓની જાળવણી કરી લોક સંસ્કૃતિનું જતન તેમજ સંવર્ધન કરવા ઉપરાંત કળા, સંગીત, નૃત્ય, નાટ્ય કલાકારો અને રમતવીરોને પ્રોત્સાહન આપી તેમનામાં છૂપાયેલી શકિત બહાર લાવવા વિવિધ કાર્યક્રમોના આયોજનો અને સ્પર્ધાઓ યોજવામાં આવે છે. ફળસ્વરૂપ આજે શહેરના અનેક કલાકારો અને રમતવીરોએ સુરત શહેરનું નામ રોશન કરેલ છે.

શહેરના ઉગતા કલાકારોને પ્રોત્સાહીત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૧મી નાટ્ય સ્પર્ધાનું આયોજન તા. ૧૦/૦૯/૨૦૧૩ થી તા. ૧૭/૦૯/૨૦૧૩ દરમ્યાન ગાંધીસ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. ઉત્કૃષ્ટ નાટકો સ્પર્ધામાં રજુ થાય તે માટે પ્રથમ રાઉન્ડમાં ભાગ લેનાર ૧૫ નાટ્ય સંસ્થાઓના નાટકની સ્કુટીની કરાવ્યા બાદ પસંદગી પામેલ નાટકો આ નાટ્ય સ્પર્ધાની શ્રેણીમાં શહેરની ૮ નાટ્ય સંસ્થાઓના નાટકો ગાંધી સ્મૃતિ ભવનના તખ્તે રજુ થયાં હતાં. ૪૧મી નાટ્ય સ્પર્ધાનું નોંધપાત્ર પાસું એ હતું કે ૫ (પાંચ) જેટલા નવા ડિરેકટરોના નાટકો ભજવાયા હતાં.

તા. ૧૦/૦૯/૨૦૧૩ના રોજ રાજગૃપ થીએટર એન્ડ પર્ફોમીંગ આર્ટસ્ નાટ્ય સંસ્થાના રાજેશ પાંડેય દિગ્દર્શિત નાટક ''જલતા હુઆ રથ''થી શરૂ થયેલ નાટ્ય સ્પર્ધા તા. ૧૭/૦૯/૨૦૧૩ના રોજ અંતિમ નાટક આશિયાના પરિવાર નાટ્ય સંસ્થાના કશ્યપ જોષી દિગ્દર્શિત ''અંતિમ સંસ્કાર''થી પૂર્ણ થઈ હતી. પોતાના ઉત્કૃષ્ટ આંગિક, વાંચિક અભિનયથી લોકો સુધી જુદી જુદી વાતો પહોંચાડી નાટ્ય કલાકારોએ દર્શકોના દિલ જીતી લીધાં હતાં. નાટ્ય સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ નાટ્ય સંસ્થાના કલાકારો, બેકસ્ટેજ કલાકરો, બેકસ્ટેજ કલાકારો તથા શહેરની નાટ્ય રસિક જનતાએ ગાંધી સ્મૃતિ ભવનની વ્યવસ્થામાં પૂરતો સહકાર આપી, મોટી સંખ્યામાં હાજર રહી તમામ નાટકોને મન ભરીને માણ્યાં હતા. સ્પાર્ધાના અંતિમ નાટકના શો બાદ નીચે મુજબ જાહેર થયેલા વિજેતાઓનો ઈનામ વિતરણ સમારંભ યોજાયો હતો.

| ક્રમ | ઈનામ | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ | પાત્રનું નામ | કલાકારનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રેષ્ઠ બાળ કલાકાર | રાજગૃપ થીએટર એન્ડ પર્ફોમીંગ આટ્સ | જલતા હુઆ રથ | દુર્ગા | યશ્વી સ્માર્ટ |
| | | દિપ આર્ટસ | મન, મોતી ને કાચ | સ્વપ્નીલ | પ્રણય વશી |

| | | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ | નામ |
|---|---|---|---|---|
| ૨ | શ્રેષ્ઠ દ્રશ્ય પરિકલ્પના | કે.ડી. એન્ટરટેઈનર | ખેલંદો | જાવેદ કાજી |
| ૩ | શ્રેષ્ઠ સંગીત | એચ. કે. આર્ટસ | વૈશાખી કોયલ | મેહુલ સુરતી |
| ૪ | શ્રેષ્ઠ સ્ક્રીપ્ટ | એચ. કે. આર્ટસ | વૈશાખી કોયલ | પદ્મશ્રી ડો.સિતાંશુ યશશ્ચંદ્ર |
| ૫ | બેસ્ટ થીમ | રાજગૃપ થીએટર એન્ડ પર્ફોર્મીંગ આર્ટસ | જલતા હુઆ રથ | – |
| ૬ | શ્રેષ્ઠ પ્રકાશ આયોજન | કે. ડી. એન્ટરટેઈનર | ખેલંદો | હરીશ લુહાર |

| | | | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ | પાત્રનું નામ | નામ |
|---|---|---|---|---|---|---|
| ૭ | શ્રેષ્ઠ સ્ત્રી અભિનય | ૧ | રાજગૃપ થીએટર એન્ડ પર્ફોર્મીંગ આર્ટસ | જલતા હુઆ રથ | બુઢ્ઢી દાદી | સનમ કાપડિયા |
| | | ૨ | રાજગૃપ થીએટર એન્ડ પર્ફોર્મીંગ આર્ટસ | જલતા હુઆ રથ | પરવીન કાઝમી | સ્નેહા દેવગઢિયા |
| | | ૩ | ફોરમ આર્ટ | છેલ્લી તરસ ગંગાજળ માંગે | શિવાની | મનાલી નાતાલી |
| | | ૪ | એચ. કે. આટર્સ | વૈશાખી કોયલ | રતન | દિપશ્રી મહાડિક |
| | | ૫ | એચ. કે. આટર્સ | વૈશાખી કોયલ | રૂડી | તુષારિકા રાજગુરૂ |
| | | ૬ | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | વાત એક રાતની | નિયતિ | વિશ્વા વશી |
| | | ૭ | દિપ આર્ટસ | મન, મોતી ને કાચ | અનુપમા દલાલ | પ્રીતિ બારિયા |
| ૮ | સર્વ શ્રેષ્ઠ સ્ત્રી અભિનય | | એચ. કે. આટર્સ | વૈશાખી કોયલ | અપર્ણા નાણાવટી | ત્વિષા શાહ |
| ૯ | શ્રેષ્ઠ પુરૂષ અભિનય | ૧ | રાજગૃપ થીએટર એન્ડ પર્ફોર્મીંગ આર્ટસ | જલતા હુઆ રથ | બાબા | પિયુષ ગુપ્તા |
| | | ૨ | ફોરમ આર્ટ | છેલ્લી તરસ ગંગાજળ માંગે | અવિનાશ | વૈભવ દેસાઈ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૩ | ફોરમ આર્ટ | છેલ્લી તરસ ગંગાજળ માંગે | રામજી | શશાંક મહંત |
| | | ૪ | સીલ્યુએટ થીએટર્સ | તોખાર | લાલજી | પ્રવિણ પાન પાટીલ |
| | | ૫ | સીલ્યુએટ થીએટર્સ | તોખાર | નરસંગ તલાટી | સલીમ કાઝી |
| | | ૬ | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | વાત એક રાતની | વિરાજ | ચિરાગ ત્રિવેદી |
| | | ૭ | કે. ડી. એન્ટરટેઈનર | ખેલંદો | હિરક ગણાત્રા | ડેનીસ પૂણીવાલા |
| ૧૦ | સર્વશ્રેષ્ઠ પુરુષ અભિનય | | કે. ડી. એન્ટરટેઈનર | ખેલંદો | મહેશ મોદી | જયેશ મોરે |
| | | | **નાટ્ય સંસ્થાનું નામ** | | **નાટકનું નામ** | **દિગ્દર્શકનું નામ** |
| ૧૧ | શ્રેષ્ઠ દિગ્દર્શક | | પ્રથમ | કે. ડી. એન્ટરટેઈનર | ખેલંદો | તથાગત શુકલ |
| | | | દ્વિતીય | એચ. કે. આર્ટસ | વૈશાખી કોયલ | કપિલદેવ શુકલ |
| **૧૨** | **વિજેતા** | | **નાટ્ય સંસ્થાનું નામ** | | **નાટકનું નામ** | |
| | પ્રથમ | | કે. ડી. એન્ટરટેઈનર | | ખેલંદો | |
| | દ્વિતીય | | એચ. કે. આર્ટસ | | વૈશાખી કોયલ | |
| | તૃતીય | | ફોરમ આર્ટ | | છેલ્લી તરસ ગંગાજળ માંગે | |
| | ચતુર્થ | | સીલ્યુએટ થીએટર્સ | | તોખાર | |

નિર્ણાયકોએ સુરતમાં નાટ્ય સંસ્થાઓ વધી રહી છે એ માટે સુરતની નાટ્ય સંસ્થાઓને અભિનંદન પાઠવી નાટકોનું સ્તર ઉત્તરોત્તર ઘટી રહેલ છે. તેવી માર્મિક ટકોર કરી નાટકોનું સ્તર વધે તે માટે વધુ મહેનત કરવા નાટ્ય સંસ્થાઓને અપીલ કરી હતી. નાટ્ય સ્પર્ધાના વિવિધ કેટેગરીમાં ૨૯ વિજેતાઓને મા. ડે.મેયરશ્રી દયાશંકર સિંગ, શાસકપક્ષના નેતાશ્રી આર. કે.લાઠિયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા કુ.સ્વાતિબેન સોસા, ઉપાધ્યક્ષાશ્રીમતી કિશોરીબેન કાપડિયા, નાટ્ય સ્પર્ધાના નિર્ણાયકશ્રીઓ તથા અન્ય ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિજેતા પ્રમાણપત્ર, ટ્રોફી તથા રોકડ પુરસ્કાર એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા.

૪૧ મી નાટ્ય સ્પર્ધામાં સ્કૃટિની માટે સંસ્થાને રૂા. ૧,૫૦૦/– લેખે ૧૫ સંસ્થાઓને રૂા. ૨૨,૫૦૦/–, નાટ્ય સ્પર્ધામાં ભજવણીના ખર્ચ પટે રૂા. ૧૪,૦૦૦/– લેખે ૦૮ નાટ્ય સંસ્થાઓને રૂા. ૧,૧૨,૦૦૦/– , વિવિધ કેટેગરીમાં ૨૯ વિજેતાઓને રૂા. ૨૮,૨૫૦/– રોકડ પુરસ્કાર, પ્રમાણપત્ર અને ટ્રોફી તથા નિર્ણાયકોને માનદ્વેતન, નિમંત્રણ કાર્ડ છપામણી મળી વગેરેનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. નાટ્ય સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સર્વશ્રી રાજુભાઈ દવે–મુંબઈ, પ્રા. (ડો.) મહેશ ચંપકલાલ– વડોદરા અને શ્રી અન્નપૂર્ણાબેન શુકલ–અમદાવાદએ સેવા આપી હતી.

**TOP**